# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-01-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

### આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

1) ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમેરિકાના 47મા રાષ્ટ્રપ્રમુખ તરીકે અને જેડી વાન્સ ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.
2) કોલકાતાના સિયાલદાહની અદાલતે આરજી કર વિશ્વવિદ્યાલય દુષ્કર્મ અને હત્યા કેસના મુખ્ય આરોપી સંજય રોયને આજીવન કેદની સજા ફરમાવી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રમકડાં ઉત્પાદન ક્ષેત્રમાં સરકારની પ્રગતિએ આત્મનિર્ભરતા માટેની સરકારની શોધને વેગ આપ્યો.
4) વિશ્વ આર્થિક મંચ -WEF ની 55મી વાર્ષિક બેઠક સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસ ખાતે શરૂ થઈ
5) કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે શ્રમ બોર્ડ ટૂંક સમયમાં અનૌપચારિક ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષા હેઠળ લાવશે.
6) ઉત્તરાખંડના મંત્રીમંડળે સમાન નાગરિક ધારો-UCC મેન્યુઅલને મંજૂરી આપી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## DONALD TRUMP - OATH

ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમેરિકાના 47મા રાષ્ટ્રપ્રમુખ તરીકે અને જેડી વાન્સ ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. વોશિંગ્ટન ડીસીમાં મુખ્ય ન્યાયમૂર્તિ જોન રોબર્ટ્સની ઉપસ્થિતિમાં શપથ ગ્રહણ સમારોહ યોજાશે. આ સમારોહ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે. સત્તા હસ્તાંતરણના ભાગ રૂપે શ્રી ટ્રમ્પ તેમનું ઉદ્ઘાટન ભાષણ આપશે.

શપથ ગ્રહણ પહેલા ગઇકાલે  વોશિંગ્ટન ડીસીમાં સમર્થકોને સંબોધિત કર્યા હતા. વિદેશમંત્રી  એસ જયશંકર સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

આ સમારોહમાં અનેક દેશોનાં વડાઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ટોચનાં ઉદ્યોગપતિઓને આમંત્રણ આપવામાં આવ્યું છે, જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી અને નીતા અંબાણી, ટેસ્લાના ઇલોન મસ્ક, એમેઝોનના જેફ બેઝોસ, મેટાના માર્ક ઝકરબર્ગ, એપલના ટીમ કુક અને ઓપન એઆઇના સેમ ઓલ્ટમેનનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

## WB-R G KAR- SENTENCE

કોલકાતાના સિયાલદાહની સેશન્સ અદાલતે આરજી કર વિશ્વવિદ્યાલય દુષ્કર્મ અને હત્યા કેસમાં મુખ્ય આરોપી સંજય રોયને આજીવન કેદની સજા સંભળાવી છે. સેશન્સ જજ અનિર્બાન દાસે એમ પણ કહ્યું કે રાજ્ય સરકારે પીડિત પરિવારને 17 લાખ રૂપિયાનું વળતર ચૂકવવું

પડશે. શનિવારે અદાલતે આ કેસમાં સંજય રોયને દોષિત ઠેરવ્યા હતા. ગયા વર્ષે 9 ઓગસ્ટના રોજ આરજી કર મેડિકલ વિશ્વવિદ્યાલયના સેમિનાર હોલમાંથી પીજીટી ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. કોલકાતા પોલીસે 10 ઓગસ્ટના રોજ સંજય રોયની ધરપકડ કરી હતી.

દરમિયાન રાષ્ટ્રીય મહિલા આયોગ-NCW એ આ ચુકાદાનું સ્વાગત કર્યું છે. આયોગે જણાવ્યું કે આ સજા સમાજમાં ન્યાયની ભાવના જગાડશે અને દરેકને યાદ અપાવશે કે આવા ગુનાઓ સજા પામ્યા વિના રહેશે નહીં.

. . . . . . . . . . . . . . . .

## VP - INDOLOGY

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે દેશમાં સમૃદ્ધ વારસા અને શાસ્ત્રીય ભાષાઓ સાથે ફરીથી જોડાણ કરીને સાંસ્કૃતિક પુનરુત્થાનની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. નવી દિલ્હીમાં ભવન્સ નંદલાલ નુવાલ સેન્ટર ઓફ ઈન્ડોલોજીના શિલાન્યાસ સમારોહમાં બોલતાં, ઉપરાષ્ટ્રપતિએ ભારતીય જ્ઞાન અને તેના વૈશ્વિક દ્રષ્ટિકોણના પરસ્પર જોડાણ પર પ્રકાશ પાડ્યો. શ્રી ધનખડે ઉમેર્યું કે ભારત હંમેશા શાંતિ અને સુમેળ માટે પ્રયત્નશીલ રહ્યું છે. તેમણે યુવાનોને દેશની સંસ્કૃતિ અને વારસા પર ગર્વ લેવા પ્રોત્સાહિત કર્યા અને સ્વદેશી દ્રષ્ટિકોણથી ઇતિહાસ જોવા વિનંતી કરી.

આ ઈન્ડોલોજી કેન્દ્ર ભારતીય સંસ્કૃતિને જાળવવા અને નાગરિકોમાં શાસન અને શાસનના પ્રાચીન સિદ્ધાંતો વિશે જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . . . . .

## BIHAR AIPOC

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે બિહાર લોકશાહીની જન્મભૂમિ છે અને તેણે સભ્યતાને પ્રેરણા આપી છે. પટણામાં અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓના સંમેલનના 85મા ઉદ્ઘાટન સત્રને સંબોધતા, શ્રી બિરલાએ વિધાનસભા ગૃહોની મર્યાદા અને પ્રતિષ્ઠા જાળવવાની ચિંતા વ્યક્ત કરી. આ અંગે શ્રી બિરલાએ વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ: ઓમ બિરલા – લોકસભા અધ્યક્ષ )

. . . . . . . . . . . . . . . .

## PM MANN KI BAAT - TOY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રમકડાં ઉત્પાદન ક્ષેત્રની પ્રગતિએ આત્મનિર્ભરતા માટેની સરકારની શોધને વેગ આપ્યો છે અને પરંપરાઓ અને ઉદ્યોગ સાહસિકતાને લોકપ્રિય બનાવી છે. મન કી બાત

અપડેટ્સ નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા કરાયેલી પોસ્ટનો જવાબ આપતાં, શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે મન કી બાતના એક એપિસોડ દરમિયાન, તેમણે સમગ્ર ભારતમાં સામૂહિક પ્રયાસો દ્વારા રમકડાં ઉત્પાદનને વેગ આપવા વિશે વાત કરી હતી.

. . . . . . . . . . . . . . . .

## RAJNATH - NCC

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે યુવાનો દેશની મિલકત છે જે રાષ્ટ્ર નિર્માણ અને સમૃદ્ધિમાં યોગદાન આપશે. દિલ્હી ખાતે નેશનલ કેડેટ કોર્પસ NCC પ્રજાસત્તાક દિવસ શિબિરને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે ભારતની સંસ્કૃતિ તેના 140 કરોડ લોકોની એકતા દ્વારા જોડાયેલી છે, અને દરેક વ્યક્તિનો વિકાસ સમાજના વિકાસને પ્રતિબિંબિત કરે છે. શ્રી સિંહે લોકોને તેમના જીવનમાં શિસ્ત, એકતા અને રાષ્ટ્રીય અખંડિતતાને પ્રાથમિકતા આપવા પણ વિનંતી કરી કારણ કે તે વિકાસના માર્ગ પર આગળ વધતા રાષ્ટ્રના પાયા છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## MAHAKUMBH-SPECIAL TRAIN

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ 2025માં સમગ્ર ભારત સહિત વિશ્વમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે. મૌની અમાસના અવસરે રેલવે બોર્ડ દ્વારા ભક્તો માટે ખાસ ટ્રેન દોડાવાનું આયોજન કરાયું છે.

પ્રસ્તુત છે એક અહેવાલ..

**(BYTE – ANAND KUMAR)**

. . . . . . . . . . . . . . .

## WEF - INDIAN GROWTH

વિશ્વ આર્થિક મંચ -WEF ની 55મી વાર્ષિક બેઠક સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે શરૂ થઈ છે. આ વૈશ્વિક બેઠકમાં 350 સરકારી નેતાઓ સહિત 130થી વધુ દેશોના લગભગ 3,000 નેતાઓ હાજરી આપશે. ભારતનું પ્રતિનિધિત્વ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની

વૈષ્ણવ, જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા રાજ્ય મંત્રી જયંત ચૌધરી કરી રહ્યા છે. પાંચ દિવસીય કાર્યક્રમ દરમિયાન, ભારતના સમાવેશી વિકાસ અને ડિજિટલ ક્રાંતિના મોડેલને પ્રકાશિત કરવામાં આવશે.

આર્થિક મંચના અધ્યક્ષ અને સીઈઓ બોર્ગે બ્રેન્ડેએ દાવોસમાં એક ભારતીય ચેનલ સાથેની મુલાકાતમાં આર્થિક સુધારણા માટે રોકાણના આધાર પર ભારત માટે 7 થી 8 ટકા વૃદ્ધિ દરનું અનુમાન વ્યક્ત કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## MANDAVIYA – SEMINAR

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે શ્રમ બોર્ડ ટૂંક સમયમાં અનૌપચારિક ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષા હેઠળ લાવશે. ડૉ. માંડવિયાએ નવી દિલ્હીમાં અનૌપચારિક ક્ષેત્રમાં કામદારો માટે ઔપચારિકતા અને સામાજિક સુરક્ષા કવરેજ પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારના ઉદ્ઘાટન પ્રસંગે આમ જણાવ્યું હતું. શ્રી માંડવિયાએ ઉમેર્યું કે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના કામદારો માટે સામાજિક સુરક્ષા સરકારની પ્રાથમિકતા છે. વધુ માહિતી આપતા શ્રી માંડવિયાએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ: ડૉ.મનસુખ માંડવિયા -કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . . . . .

## UTTARAKHAND-UCC

ઉત્તરાખંડના મંત્રીમંડળે સમાન નાગરિક ધારો -UCC મેન્યુઅલને મંજૂરી આપી દીધી છે. જેનાથી રાજ્યમાં તેના અમલીકરણનો માર્ગ મોકળો થયો છે. દહેરાદૂનમાં મંત્રીમંડળની બેઠક બાદ મીડિયા સાથે વાત કરતાં, મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ UCCની અસર અંગે આશાવાદ વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું હતું કે ઉત્તરાખંડ દ્વારા UCC અપનાવવાથી દેશના બાકીના ભાગ માટે પ્રેરણા મળશે. શ્રી ધામીએ વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ: પુષ્કરસિંહ ધામી, મુખ્યમંત્રી, ઉત્તરાખંડ)

. . . . . . . . . . . . . . . .

## HOCKEY-HIL

મહિલા હોકી ઈન્ડિયા લીગ (HIL) માં, JSW સૂરમા હોકી ક્લબ અને દિલ્હી SG પાઇપર્સ વચ્ચે રાંચીના મારંગ ગોમકે જયપાલ સિંહ મુંડા હોકી સ્ટેડિયમ ખાતે મેચ ચાલી રહી છે. પ્રથમ ક્વાર્ટરમાં JSW સૂરમા 3-0થી આગળ છે.

પુરુષ વિભાગમાં, શ્રાચી રાઢ બંગાળ ટાઈગર્સનો સામનો રાઉરકેલાના બિરસા મુંડા હોકી સ્ટેડિયમ ખાતે JSW સૂરમા હોકી ક્લબ સામે થશે, આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8:15 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . .